પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૯૪ | ૩ જાન્યુઆરી, ૨૦૧૮, બુધવાર ; પોષ વદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### આજથી ઉજ્જૈનમાં સંઘ-ભાજપની ઉત્યકક્ષાની બેઠક

ઉજ્જેન ખાતે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અને ભાજપના રાષ્ટ્રીય કક્ષાના મોવડીઓની ત્રણ દિવસની સમીક્ષા બેઠક આરંભાશે. જેમાં આર્થિક સમસ્યા, ગુજરાતની ચૂંટણી, ચીન-પાકિસ્તાનના સરહદી પ્રશ્નો ચર્ચાશે.

### સવાઈ માધોપુર પાસે ડચ નાગરિકે ટ્રેન સામે ઝંપલાવ્યુ

રાજસ્થાનના સવાઈ માધોપુર નજીક ૫૪ વર્ષના એક ડચ પ્રવાસીએ ટ્રેન સામે ઝંપલાવ્યુ હતુ. ટ્રેન સામે કુદીને આ પ્રવાસીએ આપઘાત કરતા અનેક તર્કવિતર્કો સર્જાયા છે.

### એચ-૧બી વિઝા અરજીઓને એક્સટેન્શન નહી

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યુ છે કે એચ-૧બી વિઝા પ્રપોઝલને એક્સટેન્શનનો લાભ નહી મળે. ટ્રમ્પ દ્વારા લેવાયેલા આ નિર્ણયની અસર હજારો ભારતીય પ્રોફેશનલ્સને થશે.

### રજનીકાંતે પાર્ટીનો લોગો-વેબસાઈટ લોન્ચ કર્યા

તમિલ સુપર સ્ટાર રજનીકાંતે તમિલ રાજકારણમાં એન્ટ્રી કરતાની સાથે જ ભૂકંપ આવ્યો છે. પ્રાદેશિક પાર્ટીઓ રજનીકાંતને લઈને ચિંતામાં છે. તો આ તરફ રજનીકાંતે તેમની પાર્ટીનો લોગો લોન્ચ કર્યો છે.

# ગુજરાત ઠંડુગાર : નલિયામાં ૪ ડિગ્રી



### ક્યાં-કેટલું તાપમાન

| શહેર | તાપમમાન |
| --- | --- |
| નલિયા | ૪.૦ |
| ડીસા | ૯.૭ |
| વલસાડ | ૮.૫ |
| રાજકોટ | ૧૦.૭ |
| ગાંધીનગર | ૧૧.૫ |
| અમદાવાદ | ૧૨.૨ |
| વડોદરા | ૧૪.૨ |
| સુરત | ૧૪.૨ |

ગાંધીનગર,તા.૨

નવા વર્ષના પ્રારંભથી શરૂ થયેલો ઠંડીનો સપાટો આજે બીજા દિવસે વધુ તીવ્ર બન્યો છે અને સૌરાષ્ટ્ર–કચ્છ સહિત રાજયના મોટાભાગના વિસ્તારોમાં કોલ્ડવેવ કન્ડિશન સર્જાવા પામી છે. ચાર ડિગ્રી લઘુત્તમ તાપમાન સાથે નલિયા સમગ્ર રાજ્યમાં 'કોલ્ડેસ્ટ સિટી' રહેવા પામ્યું છે. આ ઉપરાંત ડિસામાં ૯.૭, ભુજમાં ૯.૫, જામનગર ૭, કંડલામાં ૯, અમરેલીમાં ૯, મહુવામાં ૯.૬, વલસાડમાં ૮.૫ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું છે. ગિરનાર પર્વત પર આજે સવારે લઘુત્તમ તાપમાન ૩.૫ ડિગ્રી નોંધાયું છે. યારે ભવનાથ તળેટીમાં ૬.૫ ડિગ્રી નોંધાયું છે.જૂનાગઢ શહેરમાં ૮.૫ ડિગ્રી લઘુત્તમ તાપમાન રહેવા પામ્યું છે.

કાશ્મીરમાં થયેલી હિમવર્ષા અને ઉત્તર દિશામાંથી ફંકાતા ટાઢાબોળ પવનના કારણે ઠંડીની તીવ્રતામાં જોરદાર વધારો થયો છે અને હજુ આગામી દિવસોમાં ઠંડી વધશે તેવું અનુમાન પણ હવામાન ખાતા દ્વારા વ્યકત કરવામાં આવ્યું છે.

આજે રાજકોટમાં લઘુત્તમ તાપમાન ૧૦.૭, ભાવનગરમાં ૧૩, પોરબંદરમાં ૧૦.૫, વેરાવળમાં ૧૪, દ્વારકામાં ૧૩.૮, ઓખામાં ૨૦.૩, સુરેન્દ્રનગરમાં ૧૨.૬, ગાંધીનગરમાં ૧૧.૫, દીવમાં ૧૩ અને વલ્લભ વિધાનગરમાં ૧૪.૧ ડિગ્રી નોંધાયું છે. લઘુત્તમ તાપમાનમાં ઘટાડો થવાની સાથોસાથ મહત્તમ તાપમાનનો પારો પણ ધડાધડ નીચે ઉતરી ગયો છે અને સમગ્ર રાયમાં એકમાત્ર વેરાવળને બાદ કરતાં તમામ સ્થળોએ મહત્તમ તાપમાન ૩૦ ડિગ્રી નીચે ઉતરી ગયું છે.

ઉત્તર ભારતમાં કાતિલ ઠંડીના પગલે ગુજરાત - સૌરાષ્ટ્રમાં ઠંડીનું મોજુ ફરી વળ્યુ છે.ગુજરાતના પાંચથી વધુ શહેરોમાં ૧૦ ડિગ્રીથી ઓછુ લઘુત્તમ તાપમાન નોંધાયું હતું. હજુ પણ વધુ ને વધુ ઠંડી પડવાની આગાહીના પગલે બજારમાં ગરમ વસ્ત્રો ઠલવાઈ રહ્યા છે.

રાજ્યના જનજીવન પર પણ ઠંડીની ઘેરી અસર વર્તાય છે. સાંજે સાત વાગ્યા બાદ વાહન વ્યવહાર નહિવત થાય છે. ખાસ કરીને ટુ વ્હીલર બહુ જ ઓછી સંખ્યામાં જોવા મળતા હતા. સાંજે પાંચ વાગ્યા બાદ બાળકોને ઘરમાં બંધ કમરામાં સુરક્ષિત રખાય છે.

ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાય વિસ્તારોમાં ઠંડીના કારણે અબોલ પશુ-પક્ષીઓ ભારે હાલાકી ભોગવી રહ્યા છે. ઠંડીથી રક્ષણ આપવા વન વિભાગ દ્વારા પણ પગલા લેવાની સુચનાઓ અપાઈ રહી છે.

# તબીબી હડતાળ સમેટાઈ

**વિવાદાસ્પદ બિલ હાલ રજૂ નહીં કરી હાલ સ્ટેન્ડિંગ કમિટિ સમક્ષ વિચારણા માટે મોકલી દેવાયું : તબીબોને સંતોષ થતાં હડતાળ સમેટાઈ**

નવીદિલ્હી,તા. ૨

મેડિકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયા(એમસીઆઈ)ને વિખેરી તેના બદલે નેશનલ મેડિકલ કાઉન્સીલ બીલને પસાર કરવા કેન્દ્ર સરકાર દ્વારા હાથ ધરાયેલી તજવીજના વિરોધમાં ઈન્ડિયન મેડિકલ એસોસીએશને તેની સાથે સંકળાયેલા દેશભરના છ લાખથી વધુ ડોકટરો આજે એક દિવસની પ્રતીકાત્મક હડતાળ પર ઉતર્યા હતા અને જબરદસ્ત રીતે બ્લેક ડે મનાવ્યો હતો. ડોકટરોની હડતાળને પગલે ગુજરાત સહિત દેશભરની આરોગ્ય સેવા પર ગંભીર અસરો પડી હતી. જેને પગલે કેન્દ્ર સરકારે વિવાદીત એનએમસી બીલને સંસદમાં રજૂ નહી કરી તેને સ્ટેન્ડીંગ કમીટી સમક્ષ પુનઃવિચારણા અર્થે મોકલ્યું હતું. જયાં ઈન્ડિયન મેડિકલ એસોસીએશનના પદાધિકારીઓ તેમના વાંધા-સૂચનો રજૂ કરશે અને ત્યારબાદ આગળની રણનીતિ જાહેર

● અનુસંધાન પાન-૭ પર




## હરિયાણામાં માનસિક બિમાર વ્યક્તિએ છની ક્રુર હત્યા કરી

પલવલ,તા. ૨

હરિયાણાના પલવલમાં ગઈકાલે મોડી રાત્રે એક માનસિક બિમાર વ્યક્તિએ ભારે આતંક મચાવ્યો હતો. આ શખ્સે બે કલાકના ગાળામાં જ જુદી જુદ જુદી જગ્યાએ લોખંડની પાઈપ મારફતે છ લોકોની ક્રુર હત્યા કરી હતી. આ માનસિક રીતે બિમાર શખ્સના કૃત્યના કારણે ભારે દહેશત ફેલાઈ ગઈ હત. તમામ હત્યા શહેરના સિટી પોલીસ સ્ટેશન એરિયાના ૧૦૦ મીટરન હદમાં થઈ હતી. તમામ હત્યાને એક જ શખ્સે અંજામ આપ્યો હતો. માનસિક રીતે બિમાર ગણાતા આ શખ્સનો ફોટો મોડેથી સીસી ટીવી કેમેરામાં કેદ થઈ ગયો હતો. જેના આધાર પર પોલીસે તેની ધરપકડ કરવામાં સફળતા હાંસલ કરકી લીધી છે. સીસીટીવી ફુટેજમાં આ હત્યારો લોખંડન પાઈપથી તમામને મોરતો નજરે પડે છે. મરનારમાં એક મહિલા અને ત્રણ જમાદારનો સમાવેશ થાય છે.

# દિલ્હીમાં ગાઢ ધુમ્મસ હવાઈ સેવા ખોરવાઈ



**૫૦૦ ફ્લાઇટો મોડી : ૨૦થી વધુ ફ્લાઇટને રદ કરવાની ફરજ પડી : વિજિબિલિટી ઘટીને ખુબ નીચી સપાટી પર : ઉત્તર ભારત કાતિલ ઠંડીના સકંજામાં આવ્યુ : જનજીવન પૂર્ણ ઠપ થયુ**

નવી દિલ્હી,તા. ૨

સમગ્ર ઉત્તર ભારત આજે પણ કાતિલ ઠંડીના સકંજામાં રહ્યુ હતુ. ધુમ્મસના કારણે રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં ૫૦૦થી પણ વધુ ફ્લાઈટ મોડે પડી છે.ય જ્યારે ૨૦થી વધુ ફ્લાઈટને રદ કરવાની ફરજ પડી છથે. દિલ્હીમાં આવતી અને દિલ્હીથી જતી તમામ ફ્લાઈટોને ખરાબ અસર થઈ છે. ૨૩ ફ્લાઈટો રદ કરવામાં આવી છે. દિલ્હમાં ધુમ્મસની સ્થિતી વચ્ચે સવારે ૭.૩૦થી ૯.૩૦ સુધી કોઈ ફ્લાઈટે ઉડાણ ભરી ન હતી. રાજસ્થાન, હરિયાણા, પંજાબ અને ઉત્તરપ્રદેશ સહિતના રાજ્યોમાં ઠંડીના કારણે લોકોની હાલત કફોડી બનેલી છે. ધુમ્મસના કારણે રેલવે બોર્ડે ૧૫મી જાન્યુઆરી ૨૦૧૮ સુધીની ૩૨ ટ્રેનોને રદ કરી દીધી છે.

ડિસેમ્બર મહિનામાં ધુમ્મસના કારણે રેલ વ્યવહાર ખોરવાઈ ગયો છે. રેલવે સ્ટેશન પર યાત્રી બેહાલ બન્યા છે. એક તરફ ધુમ્મસ અને બીજી તરફ ઠંડીમાં વધારાના કારણે લોકોને લાંબા સમય સુધી ઠંડીમાં ઠુઠવાઈને પણ ટ્રેનની રાહ જોવી પડી છે. રેલવે અધિકારીઓનું કહેવું છે કે, ધુમ્મસે રેલવે ટાઈમ ટેબલ જેવું કંઈ રહેવા દીધું નથી. કોઈપણ ટ્રેનના સમયમાં વારંવાર ફેરફાર કરવા પડી રહ્યા છે. જેને લઈને જો ટ્રેનના ઉપડવાના સમયને સાચો બતાવવામાં આવે તો પણ મુશ્કેલી ઉભી થઈ શકે તેમ છે.

# ટ્રમ્પે પાકિસ્તાનની ૧૬૨૮ કરોડની સહાય અટકાવી

**અમેરિકી રાષ્ટ્રપ્રમુખે પાક.ને ૨૪ કલાકમાં બે મોટા તમાચા માર્યા : પાકિસ્તાને અમેરિકાને જુઠ્ઠાણા અને દગા સિવાય કંઈ જ આપ્યુ નથી પાક. આતંકવાદીઓ અને ઉગ્રવાદીઓ વિરુદ્ધ કડક કાર્યવાહી કરે : ટ્રમ્પ : પાકિસ્તાને યુએસ રાજદૂત સમક્ષ વિરોધ વ્યક્ત કર્યો**

વૉશિંગ્ટન,તા. ૨

અમેરિકાએ પાકિસ્તાનને આપવામાં આવતી રૂ. ૧૬૨૮ કરોડની સૈન્ય મદદ રોકી દીધી છે. વ્હાઈટ હાઉસે મંગળવારે આ વાતની જાહેરાત પણ કરી દીધી છે. અમેરિકા તરફથી આ કાર્યવાહી પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પે પાકિસ્તાન તરફ લગાવેલા આરોપના એક દિવસ પછી કરી છે. નોંધનીય છે કે, ટ્રમ્પે નવા વર્ષના પહેલાં જ દિવસે પાકિસ્તાન પર આરોપ લગાવ્યો હતો કે, અમેરિકા આતંકવાદ ખતમ કરવાના નામે ૧૫ વર્ષમાં અમેરિકા પાસેથી ૨ લાખ કરોડથી વધારે રકમ લઈ ચૂક્યું છે. બીજી બાજુ ટ્રમ્પના આ નિવેદન સામે પાકિસ્તાનની ફોરેન મિનિસ્ટ્રીએ ડોનાલ્ડ ટ્રમ્પના નિવેદન વિશે સખત નારાજગી વ્યક્ત કરી છે. આ માટે તેમણે સોમવારે રાતે અમેરિકી એમ્બેસેડરને બોલાવ્યા હતા. ટ્રમ્પના આ નિવેદન પછી ફરી બંને દેશો વચ્ચે તણાવ વધ્યો છે. યુએસ એમ્બેસીએ તેમના એમ્બેસેડર ડેવિડ હેલીને પાક ફોરેન મિનિસ્ટ્રીએ બોલાવ્યા હોવાની વાત સ્વીકારી છે.

ન્યૂઝ એજન્સીના જણાવ્યા પ્રમાણે અમેરિકા દ્વારા પાકિસ્તાનને આપવામાં આવતી રૂ. ૧૬૨૮ કરોડની મદદ રોકતા કહ્યું છે કે, હવે પાકિસ્તાનને કોઈ મદદ કરતા પહેલાં

● અનુસંધાન પાન-૭ પર



# પુણેની હિંસાની આગ મહારાષ્ટ્રમાં પ્રસરી

**વિસ્ફોટક સ્થિતિ વચ્ચે આજે મહારાષ્ટ્ર બંધનું એલાન : જાતિય હિંસાના મામલામાં ન્યાયિક તપાસના મુખ્યમંત્રી ફડનવીસના આદેશ : મૃતકના પરિવારને ૧૦ લાખનું વળતર : સ્થિતિને ધ્યાનમાં લઇ સઘન સુરક્ષા**

પુણે,તા. ૨

પુણેની હિંસાની આગ મહારાષ્ટ્રના અન્ય વિસ્તારોમાં પણ પહોંચી ગઈ છે અને વ્યાપક તોડફોડ તેમજ આગની ઘટનાઓ બનતા વિસ્ફોટક સ્થિતિ સર્જાઈ ગઈ છે. પુણેમાં બે સમુદાય વચ્ચે થયેલી જાતિય હિંસાની અસર આજે મહારાષ્ટ્રના બીજા વિસ્તારોમાંપણ જોવા મળી હતી. મુંબઈ ઉપરાંત હડપસર અને ફુડસુંગીમાં બસ પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ઔરંગાબાદ અને અહેમદનગર માટેની બસ સેવાને બંધ કરવામાં આવી હતી. નવા વર્ષના પ્રસંગે પુણેના કોરેગાંવ ભીમાગામમાં શૌર્ય દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ત્યારબાદથી બે સમુદાય વચ્ચે હિંસક અથડામણ થઈ હતી. આ ગાળા દરમિયન એક શખ્સનું મોત થઈ ગયું હતું. પુણેની જાતિય હિંસા પર મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસે પ્રતિક્રિયા આપતા કહ્યું છે કે, સરકારને બદનામ કરવાના હેતુસર આ કાવતરુ ઘડવામાં આવ્યું છે. સરકારે આના માટે ન્યાયિક તપાસના આદેશ આપી દીધા છે. મુખ્યમંત્રી ફડનવીસે મૃતકના પરિવારને ૧૦ લાખ રૂપિયાનું વળતર આપવાની જાહેરાત કરી દીધી છે. મુખ્યમંત્રીએ એમ પણ કહ્યું છે કે, અફવાઓ પર ધ્યાન આપવાની જરૂર નથી. પુણેની જાતિય હિંસાની આગ સોમવારના દિવસે મહારાષ્ટ્રના અન્ય વિસ્તારોમાં ફેલાઈ ગઈ હતી.

## મુંબઈમાં પણ શાળા તેમજ કોલેજો બંધ

પુણે,તા. ૨

મહારાષ્ટ્રમાં હિંસાની આગની અસર મુંબઈમાં પણ જોવા મળી હતી. મહારાષ્ટ્રમાં દલિત અને મરાઠા સમુદાયની વચ્ચે જાતિય હિંસા બાદ આજે સાવચેતીના પગલારુપે મુંબઈની અનેક સ્કૂલો અને કોલેજોને બંધ રાખવાનો નિર્ણય કરાયો હતો. હાર્બર લાઈન ઉપર મુંબઈની લોકલ ટ્રેન સેવાને અસર થઈ હતી.


## જાહેર આભાર

ધાનેરા વિધાનસભા મત વિભાગની ચુંટણીમાં મને વિજયી બનાવવા બદલ હું નથાભાઇ હેંગોળાભાઇ પટેલ કોગ્રેસના વડીલો, કાર્યકરો, સગા-સબંધીઓ, સાથી મિત્રોનો આભાર માની મને પ્રત્યક્ષ અને પેરોક્ષ માર્ગદર્શન પ્રોત્સાહન હૃદયસ્પર્શી અપ્રતિમ પ્રેમ, હુંફ અને શુભેચ્છારૂપી લાગણીઓ પુરી પાડનાર તમામ મતદારોને તેમજ સર્વે સમાજનો જાહેર આભાર માનું છું. હું આપ સૌએ મારામાં મુકેલા વિશ્વાસને સાર્થક કરી બતાવીશ અને ધાનેરા મત વિભાગની સમસ્યાઓના ઉકેલ અને નિરાકરણ લાવવા મારાથી બનતા તમામ પ્રયત્નો કરી છુટીશ એવી આપ સૌ મતદાર ભાઈ- બહેનોને ખાત્રી આપું છું.



લિ.
નથાભાઇ હેંગોળાભાઇ પટેલ
વિજેતા ઉમેદવાર, ધાનેરા વિધાનસભા મત વિભાગ

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય



ગોલ્ડ મેડાલીસ્ટ
દિલીપભાઈ શાસ્ત્રી
મો. ૯૯૯૮૫૭૧૮૭૭
સાંઈ શ્રદ્ધા જ્યોતિષ
૧૧ કલાકમાં લોહચુંબકીય વશીકરણ અને મુઠચોટના સ્પેશ્યાલીસ્ટ
પુત્ર પ્રાપ્તિ માટે ખાસ મળો
ગુપ્ત ધન
લવ પ્રોબલેમ સ્પેશ્યાલીસ્ટ
૨૪ કલાકમાં ભૂમિ નડતર, ધારેલી વ્યક્તિનું મિલન, સૌતનમુક્તિ, છુટાછેડાના સ્પેશ્યાલીસ્ટ
જન્માક્ષર-ધંધામાં હાનિ, નોકરી - પ્રમોશન, દેવામુક્તિ, લગ્ન યોગ, લક્ષ્મીબંધન, વિદેશ યોગ, નિઃસંતાન, પ્રેમવશ, કોર્ટ-કચેરી, શત્રુનાશ, પારિવારિક ત્રાસ, પિતૃદોષ, સ્ત્રી-પુરુષના વશ, ધારેલી વ્યક્તિનું મિલન, આત્માથી મુક્તિ, લાલ કિતાબ અને રાવણ સિદ્ધિના જાણકાર
૧૧ કલાકમાં ફસાયેલા નાણાં ● ઘર કંકાસ ● પતિ-પત્નીનો અણબનાવ ● સાસુ-વહુના ઝઘડાના સ્પેશ્યાલીસ્ટ
૭ કલાકમાં ઈચ્છાધારી વશીકરણ છુટાછેડા, દારૂ છોડાવાના સ્પેશ્યાલીસ્ટ
પ્લોટ નં. ૧૦૯૨/૨, સેક્ટર-૩ડી, ગાંધીનગર
આજે જ મુલાકાત કાલે જ તમારૂ કામ